**ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૧૩૨૫૦૨૩૨/૨૦૨૫, તારીખ ૨૧/૧૧/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪ મુજબના ગુનાના કામે આરોપી ઉત્સવ ચંદુભાઇ ભેસાણીયા, રહે:– ભેસાણ, તાલુકો:– ભેસાણ, જીલ્લો:– જુનાગઢ ની જામીનઅરજી નીચે હુકમ**

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૨૯/૨૦૨૬**

---

૧. અરજી વંચાણે લીધી. અરજી સંદર્ભે અરજદાર/ મુળ આરોપીના વિદ્ધાન વકીલશ્રી ની રજુઆત સાંભળી. તેમણે અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે અરજદાર પર ચલાલા પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર **૧૧૧૯૩૦૧૩૨૫૦૨૩૨/૨૦૨૫, તારીખ ૨૧/૧૧/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪ મુજબ** મુજબનો ગુનો તારીખ ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ નોંધાયો છે. આ કામના આરોપીને તારીખ ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ ટ્રાન્સફર વોરંટના આધારે અટક કરી તારીખ ૨૮/૦૨/૨૦૨૬ ના રોજ અદાલત સમક્ષ રજુ કર્યા છે. ત્યારબાદ આરોપીના રિમાન્ડ મંજુર થયા હતા. આરોપીના રિમાન્ડનો સમય પુર્ણ થતા આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમા લીધા છે. આરોપી તારીખ ૦૩/૦૩/૨૦૨૬ થી જ્યુડીશીયલ કસ્ટડીમા હોવાથી નીચે ના કારણોસર હાલની જામીન અરજી રજુ કરી છે.

- આ કેસની એફ.આઇ.આર મુજબ ગુનો બન્યાનો સમય તારીખ ૨૯/૧૦/૨૦૨૫ ના રોજનો છે. આ કેસની એફ.આઇ.આર તારીખ ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ નોંધાય છે. આમ ગુનો બન્યા બાદ એક મહિનો મોડી ફરિયાદ દાખલ થઇ છે.
- એફ.આઇ.આર મા હાલના આરોપીનુ નામ દર્શાવ્યુ નથી. આમ આરોપીને ખોટી રીતે સંડોવી દેવાના ઇરાદા થી ખોટી રીતે અટક કર્યા છે. આરોપી બનાવ વિશે કાંઇ જાણતા નથી.
- આરોપી નિર્દોષ છે. તેમની સામે કોઇ પ્રથમદર્શનીય ગુનો બનતો નથી.
- આરોપીની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઇ સંડોવણી નથી. ફરિયાદી સાથે થયેલા ઓનલાઇન ફ્રોડ ને હાલના આરોપી સાથે ખોટી રીતે જોડી દીધો છે. આરોપીને સીધી કે આડકતરી રીતે સાંકળતી કોઇ હકીકત રેકર્ડ પર નથી.
- આરોપી વિરુદ્ધ આરોપવામા આવેલા ગુનાને ધ્યાને લેતા આરોપીને જામીનમુકત કરવાની સત્તા આ

અદાલતને છે.

- આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમા જેલમા રાખવાથી કાંઇ લાભ થાય તેમ નથી.
- આરોપી યુવા વર્ગના છે. તેઓ માત્ર ૨૫ વર્ષના જ છે. તેઓ ક્યાય નાસીભાગી જાય તેમ નથી. તેઓ વેપાર કરીને પોતાનુ અને પરિવારનુ ગુજરાન ચલાવે છે. કુટુંબ ના ભરણપોષણ ની જવાબદારી આરોપી પર છે. તેથી આરોપીનુ પરિવાર સાથે રહેવુ અત્યંત આવશ્યક છે. જો આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમા જેલમા રાખવામા આવે તો આરોપીના પરિવારની દેખભાળ કરવા વાળુ કોઇ નથી.
- નામદાર અદાલત જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.
- આ કામે અગાઉ પકડાયેલા આરોપીઓ ને જામીનમુકત કરવામાં આવ્યા છે

આ તમામ હકીકતને ધ્યાને લઇને હાલના આરોપીને પણ જામીનમુકત કરવા નમ્ર અરજ છે.

૨. અરજી સંદર્ભે આગળનો કોઇપણ હુકમ કરતા પહેલા વિદ્વાન એ.પી.પી. શ્રી ને રજુઆત કરવાની તક આપી હતી.

વિદ્વાન એ.પી.પી શ્રી એ અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે હાલના આરોપી મુખ્ય આરોપી છે. હાલના આરોપી વિરુદ્ધ આ જ પ્રકારના અન્ય ગુનાઓ નોંધાયા છે. તે હકીકત રેકર્ડ પર છે. આથી આ તમામ હકીકતો ને ધ્યાને લઇને આરોપીને જામીનમુકત કરવા નમ્ર વિનંતિ છે.

૩. અરજી સંદર્ભે કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. અદાલતે જામીનઅરજી પરનો નિર્ણય કરતી વખતે (૧) ગુનાની ગંભીરતા (૨) થઇ શકતી સજાનુ પ્રમાણ (૩) ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની સંભાવના (૪) પુરાવાઓનો નાશ થવાની સંભાવતા અને (૫)ફરી વખત ગુનો થવાની સંભાવના વિગેરે મુદ્દાઓને ધ્યાને લેવા જોઇએ.

૪. અરજી સંદર્ભે અરજદાર/આરોપી ના વિદ્વાન વકીલશ્રી, વિદ્વાન એ.પી.પી શ્રી ની રજુઆત અને રજુ થયેલા પોલીસ પેપર્સ ને ઉપરોક્ત મુદ્દાઓ સાથે ધ્યાને ન્યાયિક વિચારણા કરીએ તો

1 .ગુનાની ગંભીરતા : –

અરજી સંદર્ભે એફ.આઇ.આર અને રજુ થયેલા પોલીસ પેપર્સ વંચાણે લીધા. તે મુજબ અલગ–અલગ રાજ્યોમાંથી સમન્વય પોર્ટલ પર સાઇબર ફ્રોડ ની અલગ–અલગ અરજીઓ થઇ હતી. તે અરજીઓના એકનોલેજમેન્ટ નંબર (૧) ૩૨૫૧૦૨૫૦૦૩૪૮૧૮, (૨) ૩૧૪૧૧૨૫૦૦૧૦૧૮૧, (૩) ૨૩૧૧૧૨૫૦૧૮૨૨૫૬, (૪) ૩૧૧૧૧૨૫૦૨૩૧૨૮૩ હતા. આ અરજીઓ સંદર્ભે તપાસ કરતા આ અરજીઓ મુજબના ફ્રોડના નાણા અગાઉ પકડાયેલા આરોપી સુરેશભાઇ કાનજીભાઇ રાઠોડના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની, ચલાલા શાખામા આવેલા ખાતા નંબર–૩૩૪૭૮૦૪૫૩૦૮ નંબરના ખાતામાં જમા થઇ હતી. આ રકમ રૂપિયા ૭,૬૯,૦૦૦/- ની હતી અને તે રકમ આઇ.એમ.પી.એસ અને યુ.પી.આઇ થી જમા થઇ હતી. આ સંદર્ભે બેંકનુ સ્ટેટમેન્ટ મંગાવી ને તપાસ કરતા ઉપરોક્ત રકમમાથી રૂપિયા ૭,૬૫,૦૦૦/- જેટલી રકમ તે આરોપીએ બે ચેક થી તથા એ.ટી.એમ થી ઉપાડી હતી. તે આરોપીની અટકાયત કરીને પુછપરછ કરવામાં આવી હતી. રજુ થયેલા પોલીસ પેપર્સ મુજબ આરોપી સુરેશભાઇ કાનજીભાઇ ચૌહાણ એ એવી માહિતી આપી હતી કે તેમના મિત્ર અને જ્ઞાતિ બંધુ કિશનભાઇ કનુભાઇ ચૌહાણ, રહે:– મીઠાપુર (ડુંગરી) વાળા અર્થાત હાલના આરોપીએ એ એવુ કહ્યુ હતુ કે ટ્રસ્ટના નાણા મારા તથા તારા બેંક એકાઉન્ટ મા જમા થશે અને તે નાણા ઉપાડી ને તેને આપી દેવાના છે જેના બદલામાં તે લોકો તે બંને પૈકી દરેક ને રૂપિયા ૫,૦૦૦/- આપશે.

આ ઉપરાંત સમન્વય પોર્ટલ થયેલી અરજી કે જેના એકનોલેજમેન્ટ નંબર ૩૨૬૧૦૨૫૦૦૦૧૪૭૬ હતા તે અરજી મુજબની સાઇબર ફ્રોડ ની રકમ રૂપિયા ૧,૬૦,૦૦૦/- અગાઉ પકડાયેલા આરોપી કિશનભાઇ આરોપીના ખાતામાં જમા થઇ હતી.

અગાઉ પકડાયેલ આરોપી સુરેશભાઈની પુછપરછમા એવી હકીકત ખુલી હતી કે તેમના બેંક ખાતાની માહિતી, ચેક બુક અને એ.ટી.એમ લઇ તેમના મિત્ર કિશનભાઈ કનુભાઈ ચૌહાણ અને અન્ય અજાણ્યા ફોર વ્હીલ વાળા લોકો સાથે ધોરાજી અને ઉપલેટા ખાતે લઇ ગયા હતા જ્યાથી બે ચેક અને એ.ટી.એમ મારફતે રકમમાથી રૂપિયા ૭,૬૫,૦૦૦/- જેટલી રકમ ઉપાડી હતી. ઉપરોક્ત રકમ હાલના આરોપી એ મ્યુલ ખાતાઓ મા જમા કરાવડાવી હતી અને તે મેળવીને ફ્રોડ આચર્યુ છે.

વધુમાં રજુત થયેલા પોલીસ પેપર્સ મુજબ હાલના આરોપી વિરુદ્ધ નીચે વિગતે અન્ય ગુનાઓ નોંધાયા છે.

(૧) સાવરકુંડલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૫૨૨૫૦૭૭૦ થી બી.એન.એસ ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪ મુજબનો

(૨) ખાંભા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૨૭૨૫૦૫૧૪, ૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪ તથા આઇ.ટી એકટની કલમ ૬૬(૧)(ડી),

(૩) ભરુચ સાયબર પોલીસ સ્ટેશન ના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૯૦૫૮૨૫૦૦૨૦/૨૦૨૫ ૩૧૯(૨), ૩૧૮(૪) તથા આઇ.ટી એકટ ની કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો

(૪) તાલાલા પોલીસ સ્ટેશન ના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૭૨૫૧૩૩૫ બી.એન.એસ ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૫૪

(૫) છત્રપતિ શિવાજી નગર સાયબર ક્રાઇમ પોલીસ્ટેશન (મહારાષ્ટ્ર) ના ગુના રજીસ્ટર નંબર ૧૯૪૦૯૦૫૯૨૪૦૦૧૩/૨૦૨૪ થી બી.એન.એસ ની કલમ ૩૧૬(૨), ૩૧૮, ૩૩૬(૩), ૩૩૮, ૩૩(૫), ૩૪૦(૨) તથા આઇ.ટી એકટ ની કલમ-૬૬(ડી)

આ હકીકત પરથી આરોપી ટેવગત રીતે આ પ્રકારના ગુનાઓ આચરતા હોવાનુ ફલિત થાય છે. તેથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલા ભારતીય ન્યાયસંહિતા-૨૦૨૩ ની કલમ-૩૧૭(૪) ના તત્વો પ્રથમ દર્શનીય રીતે સંતોષાતા હોવાનુ ફલિત થાય છે.

**2 . આરોપીને જામીનમુકત કરવાની આ અદાલતની સત્તા: –**

આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ભારતીય ન્યાયસંહિતા–૨૦૨૩ ની કલમ ૩૧૭(૨) અને કલમ–૩૧૭(૪) મુજબનો ગુનો છે. આ ગુના બદલ થઇ શકતી સજા આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની કેદની સજા છે. ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપી નો ગુનો ભારતીય ન્યાયસંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૭(૪) મુજબનો ગુનો હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાતુ હોવાથી આ અદાલતને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૦(૧) મુજબ આરોપીને જામીનમુકત કરવાની સત્તા નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

આ કામે અગાઉ પકડાયેલા આરોપીઓ ને પણ આ અદાલતે જામીન મુકત કર્યા નથી. તેઓ ને નામદાર સેશન્સ અદાલતે જામીનમુકત કર્યા છે. આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલા ગુનાઓ બદલ જામીનમુક્ત કરવાની સત્તા અત્રેની અદાલતને નહી પરંતુ નામદાર સેશન્સ અદાલત અથવા તો નામદાર હાઇકોર્ટ ને છે. જ્યારે કોઇ આરોપીને જામીનમુકત કરવાની સત્તા કોઇ અદાલતને કાયદાથી પ્રાપ્ત થતી ન હોય ત્યારે તે અદાલત તેવા આરોપીને પેરીટીના સિદ્ધાંતના આધારે જામીનમુકત કરવાની સત્તા પ્રાપ્ત થતી નથી તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે.

**3 . ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી : –**

આરોપી ભેસાણ, તાલુકો:– ભેસાણ, જીલ્લો:– જુનાગઢના હોવાના કારણ માત્ર થી આરોપી ક્યાય નાસી ભાગી જાય તેવા નથી તેમ માનવા ને કોઇ જ કારણ નથી. વધુમા આરોપી ભેસાણના રહેવાસી હોવા છતા તેઓની અટકાયત સુરત થી થઇ છે. આરોપી શા માટે સુરત ગયા હતા તેના કોઇ કારણોની રજુઆત અદાલત સમક્ષ કરવામા આવી નથી. તેથી અદાલત એવુ અનુમાન કરી શકે કે આરોપી કાયદેસરની પ્રક્રિયાથી બચવા માટે નાસતા ફરતા હતા. આરોપીનુ આ વર્તન સુસંગત પણ છે. તેથી હાલના આરોપીને જામીનમુકત કરવાથી તેઓ નાસી ભાગી જશે નહી તેમ માનવાને કોઇ જ કારણ નથી.

**4 . પુરાવાનો નાશ થવાની: –**

આ કેસના પુરાવામાં સી.સી.ટી.વી ફુટેજ, ઓનલાઇન ટ્રાન્સેક્શન ની વિગત વિગેરે ડીજીટલ પુરાવાનો સમાવેશ થાય છે. આરોપીને જામીનમુકત કરવાથી તે પુરાવા નાશ ન થાય પરંતુ હાલ ગુનાની તપાસ ચાલુ હોવાથી તે સિવાય અન્ય કોઇ પુરાવા મળી શકે તેમ છે કે નહી તે તપાસની બાબત હોવાથી આ તબક્કે આરોપીને જામીનમુકત કરવાથી પુરાવાનો થાય તેમ છે કે નહી તે ચોક્કસ પણે નિર્ણિત થઇ શકે નહી.

**5 . ફરી ગુનો થવાની સંભાવના: –**

આરોપીએ આ જ પ્રકાર ના અન્ય ગુના આચર્યા હોવાથી તેઓ ભવિષ્યમા આવા ગુના નહી આચરે તેવુ માનવાને પણ કોઈ જ કારણ નથી. આમ આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ગંભીર પ્રકારનો ગુનો હોવાથી અને તે બદલ થઇ શકતી સજાઓ પૈકી ની એક સજા આજીવન કેદની સજા હોવાથી ઉપર ચર્ચા કરી તે મુજબના આ કેસના સંજોગોમાં આરોપીને જામીનમુકત કરવા ન્યાયોચિત ન હોવાથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

- અરજદાર/આરોપીની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

- આ હુકમ આજરોજ તારીખ ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: – ૧૬/૦૩/૨૦૨૬

સ્થળ:– ધારી

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯